For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# રેલવે સ્ટેશન ઉપર ગંદકી કરવામાં પણ સુરતીઓ નંબર 1




## અગાઉ સુરત રેલવે સ્ટેશનને સ્વચ્છતામાં પ્રથમ બતાવાયું હતું પરંતુ હવે ગંદકીમાં નં.1 સાથે સત્યનો સ્વીકાર કરાયો

સુરતઃ સુરત રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવાની વાતો વર્ષોથી થાય છે પરંતુ સુરત રેલવે સ્ટેશનની હાલત ક્યારેય સુધરી નથી. આ રેલવે સ્ટેશન પર પારાવાર ગંદકી જોવા મળતી હતી અને જોવા મળે છે. જોકે, 2016માં કેન્દ્રએ સુરત રેલવે સ્ટેશનને સૌથી સ્વચ્છ સ્ટેશનનો ખિતાબ તો આપી દીધો પરંતુ તે સમયે ...અનુસંધાન પાના 5 પર


(તસવીરો : સતીષ જાદવ)

ગુજરાતમિત્ર વિશેષ

**પશ્ચિમ** રેલવે દ્વારા સ્ટેશનો પર ગંદકી ફેલાવનારાઓ સામે આક્રમક ઝુંબેશ

4 મહિનામાં કુલ 12,265 કેસ નોંધી 27.18 લાખથી વધુનો દંડ વસૂલાયો

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા પોતાના તમામ મુખ્ય સ્ટેશનો પર સ્વચ્છતા જાળવવા અને ગંદકી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ દરમિયાન સામે આવેલા આંકડાએ સુરત શહેરની સ્વચ્છતા પ્રત્યેની ગંભીરતા સામે સવાલો ઉભા ...અનુસંધાન પાના 5 પર

ગંદકીના કેસમાં ટોપ 5 સ્ટેશન (1 એપ્રિલથી 31 જુલાઈ)

| ક્રમ | સ્ટેશન | કેસ | દંડની રકમ (₹) |
|---|---|---|---|
| 1 | સુરત | 1,918 | 3,93,000 |
| 2 | વિરાર (મુંબઈ) | 1,242 | 2,74,000 |
| 3 | બોરીવલી (મુંબઈ) | 1,016 | 2,22,000 |
| 4 | દાદર (મુંબઈ) | 806 | 1,74,000 |
| 5 | અંધેરી (મુંબઈ) | 756 | 1,61,000 |



ગંદકી કરશો તો દંડ ભરવો પડશે!
- પાન-માવાની પિચકારી ના કરો
- કચરો ફેંકશો નહીં
- સ્ટેશનને સ્વચ્છ રાખો

સ્થળ પર જ સ્થળ-દંડ વસૂલ થશે

### સુરત રેલવે સ્ટેશન પરથી 3.93 લાખનો દંડ વસૂલાયો

પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલા 1 એપ્રિલથી 31 જુલાઈ સુધીના 4 મહિનાના આંકડા મુજબ, સુરત રેલવે સ્ટેશન પર ગંદકી કરતા સૌથી વધુ 1,918 લોકો ઝડપાયા છે. સમગ્ર પશ્ચિમ રેલવે ઝોનમાં આ 4 મહિના દરમિયાન કુલ 12,265 કેસ નોંધવામાં આવ્યા છે અને શિસ્તભંગ કરનારા મુસાફરો પાસેથી 27.18 લાખનો ભારે દંડ વસૂલવામાં આવ્યો છે.

### સ્થળ પર જ દંડ ફટકારવાની રેલવે પ્રશાસનની ચેતવણી

રેલવે પ્રશાસને સ્પષ્ટ ચેતવણી આપી છે કે હવેથી સ્ટેશન પરિસરમાં પાન-માવાની પિચકારી મારનાર, કચરો ફેંકનાર કે ગંદકી કરનાર વ્યક્તિ સામે કોઈપણ પ્રકારની છૂટછાટ આપ્યા વગર સ્થળ પર જ સ્થળ-દંડ વસૂલવામાં આવશે. રેલવેએ તમામ મુસાફરોને સ્ટેશન વિસ્તાર સ્વચ્છ રાખવા અને જવાબદાર નાગરિક તરીકે વર્તવા અપીલ કરી છે.

સુરત મેડિકલ કોલેજમાં થયેલા રેગિંગ અને ડો. હર્ષના આપઘાત પ્રકરણમાં

# આખરે માઈક્રોબાયોલોજીના વડા સસ્પેન્ડ, ડીનને શો-કોઝ નોટિસ



**વડાં** ડો.સુમૈયા મુલ્લાએ સસ્પેન્શન દરમિયાન વડોદરા રહેવાનું રહેશે

**ડીન** ડો. જયેશ બ્રહ્મભટ્ટે હવે ઘટના અંગે ખુલાસા કરવા પડશે

સુરતઃ સરકારી મેડિકલ કોલેજ, સુરતમાં રેગિંગ અને માનસિક ઉત્પીડનનો ભોગ બન્યા હોવાના ગંભીર આક્ષેપો વચ્ચે પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટર ડો. હર્ષ પંડ્યાના આત્મહત્યાના પ્રકરણમાં રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. ઘટનાને રોકવામાં તેમજ પોતાની ફરજ અને જવાબદારી નિભાવવામાં ગંભીર બેદરકારી દાખવવાના મામલે માઇક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ના પ્રાધ્યાપક ડો. સુમૈયા મુલ્લાને તાત્કાલિક અસરથી 90 દિવસ માટે ફરજમોકૂફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટને પણ નોટિસ ફટકારી તેમનો ખુલાસો ...અનુસંધાન પાના 5 પર

### લેખિત મંજૂરી વિના ડો.સુમૈયા મુલ્લા વડોદરા છોડી શકશે નહીં



ફરજમોકૂફીના સમયગાળા દરમિયાન ડો. સુમૈયા મુલ્લાનું મુખ્ય મથક સરકારી મેડિકલ કોલેજ, વડોદરા નક્કી કરવામાં આવ્યું છે. આ સમય દરમિયાન તેઓ સક્ષમ નિયંત્રક અધિકારીની પૂર્વ લેખિત મંજૂરી વિના વડોદરા સ્થિત મુખ્ય મથક છોડી શકશે નહીં. ફરજમોકૂફી દરમિયાન તેઓ કોઈપણ પ્રકારની ખાનગી નોકરી, વ્યવસાય કે વેપાર- ...અનુસંધાન પાના 5 પર

### માઈક્રોબાયોલોજી વિભાગનાં વડાં ડૉ. સુમૈયા મુલ્લા પહેલાથી વિવાદીત !

માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. સુમૈયા મુલ્લાની બેજવાબદારીએ એક તબીબનો ભોગ લીધો હોવાની ચર્ચા નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં થઈ રહી છે. સાથે જ તેમનો ભૂતકાળ વિવાદીત રહ્યો છે. એવી ચર્ચા છે કે, તે જુનિયરોને તેના પતિના ખાનગી ક્લિનિકમાં કામ કરવા મોકલતા હતા. તેઓ તામસી સ્વભાવની હોવાની પણ વાત છે. ખરેખર તે રેસિડન્ટ ડોક્ટરોને તેના પતિના ક્લિનિકમાં કામ કરવા મોકલતા હતા કે કેમ તે અંગે પણ તપાસની માંગ ઉઠી છે.

### ઉચ્ચ હોદ્દો પણ બચાવશે નહીં: પ્રફુલ પાનશેરીયા

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ગુજરાતની કોઈપણ શૈક્ષણિક કે તબીબી સંસ્થામાં રેગિંગ અથવા માનસિક ઉત્પીડનને કોઈપણ સંજોગોમાં સાંખી લેવામાં આવશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્ય સરકારની રેગિંગ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ છે અને વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે રમત કરનાર વ્યક્તિ ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર હોય તો પણ તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોતાની ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી દાખવનાર સામે કાયદાકીય અને શિક્ષાત્મક બંને પ્રકારનાં પગલાં લેવા સરકાર કોઈ બાંધછોડ કરશે નહીં.


સુરત મહાનગરપાલિકા
એફોર્ડેબલ હાઉસીંગ સેલ
પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦

FIT INDIA

આથી સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ શહેરીજનોને જણાવવાનું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ૨.૦ (PMAY-U 2.0) અંતર્ગત સ્કીમ ટાઈપ EWS-I અને EWS-II માં નવા આવાસોની જાહેરાત નજીકના સમયમાં પ્રસિદ્ધ થનાર હોય, તે પહેલા સદર યોજનાની શરતો તથા નીતિ-નિયમો અનુસાર આવાસ મેળવવા ઈચ્છતા શહેરીજનોએ સૌપ્રથમ PMAY-U 2.0, ભારત સરકારશ્રીના યુનિફાઈડ વેબ-પોર્ટલ પર ડીમાન્ડ સર્વેમાં ઓનલાઈન નોંધણી કરાવવી ફરજીયાત રહેશે, જેની તમામ શહેરીજનોએ નોંધ લેવી.

અરજદાર તેમની પાત્રતા અને આવાસની જરૂરીયાતના આધારે યોગ્ય હાઉસીંગ વિકલ્પ પસંદ કરીને PMAY-U 2.0 એપ્લીકેશન/ડીમાન્ડ સર્વેમાં નોંધણી કરાવવાની રહેશે. ઓનલાઈન અરજી કરતી વખતે પરિવારના સભ્યો સહિત તમામ અરજદારો પાસે આધાર અથવા વર્ચ્યુઅલ આધાર આઈ.ડી. હોવું ફરજિયાત છે.

સુરત મહાનગરપાલિકા અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત સ્કીમ ટાઈપ EWS-I અને EWS-II માં આવાસનો સબસીડી ઘટક AHP (એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ) હોય, સદર આવાસ મેળવવા ઈચ્છતા અરજદારોએ સૌપ્રથમ નીચે જણાવેલ ભારત સરકારશ્રીના પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ ના વેબસાઈટની લિંક અથવા QR કોડ સ્કેન કરીને પોર્ટલ પર ફરજીયાત ડીમાન્ડ સર્વે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે, જેમાં સુરત મહાનગરપાલિકા અંતર્ગત સદર યોજનામાં લાભ મેળવવા માંગતા શહેરીજનોએ સબસીડીનો ઘટક AHP (એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ) તથા કેટેગરી EWS ફરજીયાત સિલેક્ટ કરવાનું રહેશે. (AHP સિવાય અન્ય સબસીડીનો ઘટક તથા EWS સિવાય અન્ય કેટેગરીવાળી અરજી માન્ય ગણવામાં આવશે નહિ.) અરજદાર દ્વારા એકવાર સબસીડીનો ઘટક તથા કેટેગરી સિલેક્ટ કરી ઓનલાઈન ફોર્મ સબમીટ કર્યા બાદ તે ઘટક તથા કેટેગરી બદલી શકાશે નહિ. જેથી સબસીડીનો ઘટક તથા કેટેગરી જોઈને / સમજીને / ધ્યાનથી સિલેક્ટ કરવાનું રહેશે. આ ફક્ત ડીમાન્ડ સર્વે અરજીફોર્મ છે. સદર યોજનામાં ફક્ત AHP સબસીડી ઘટક તથા EWS કેટેગરીના અરજદારોએ જ ભવિષ્યમાં નજીકના સમયમાં આવનાર સુરત મહાનગરપાલિકા અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ માં આવાસ મેળવવા અરજીફોર્મ ભરવાના રહેશે.

| ક્રમ નંબર | અરજી કરતી વખતે જરૂરી ડોક્યુમેન્ટની યાદી |
|---|---|
| ૧ | અરજદારનો આધારકાર્ડ (મોબાઈલ નંબર લીન્ક હોવો જરૂરી છે.) |
| ૨ | અરજદારના પરિવારના સભ્યોના આધારકાર્ડ |
| ૩ | અરજદારના આધારકાર્ડ સાથે લીંક ચાલુ બેંક ખાતાની વિગતો |
| ૪ | અરજદારનો આવકનો પુરાવો |
| ૫ | અરજદારનો પાનકાર્ડ (જો હોય તો) |
| ૬ | સરકારશ્રીની વિવિધ યોજનાનો લાભ લીધેલ હોય તો તેની વિગત |

નોંધઃ-
1. અરજદાર ભારતનો નાગરીક તથા પુખ્ત વયનો હોવો જોઈએ.
2. અરજદાર અથવા સહ અરજદાર તથા અરજદારોના પરિવારના કોઈપણ સભ્યોના નામે ભારતમાં કોઈપણ જગ્યાએ પાકું મકાન, આવાસ, ફ્લેટ કે જમીનનો પ્લોટ હોવું ન જોઈએ.
3. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળની સબસીડીની સ્કીમો જેવી કે, AHP (એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ), BLC (બેનીફીશયરી લેડ કન્સ્ટ્રકશન), ISS (ઈન્ટરેસ્ટ સબસીડી સ્કીમ), ARH (એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ) માં ભારતભરમાં અગાઉની કોઈપણ સબસીડીનો લાભ મેળવેલ હોવો જોઈએ નહિ. જો સબસીડીનો લાભ લેવામાં આવેલ હોય, એવું સુ.મ.પા.ને ધ્યાનમાં આવશે તો તેઓને ફાળવેલ આવાસ કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.
4. કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા.૩,૦૦,૦૦૦/- સુધીની હોવી જોઈએ.

ડીમાન્ડ સર્વેમાં નોંધણી કરવા માટે વેબસાઈટ :
https://pmaymis.gov.in/PMAYMIS2_2024/PMAY_SURVEY/EligiblityCheck.aspx
અથવા નીચે દર્શાવેલ QR CODE સ્કેન કરો.

પી.આર.ઓ. નં./૧૯૯/૨૦૨૬-૨૦૨૭
તા. ૨૦/૦૮/૨૦૨૬

એડીશનલ સીટી ઈજનેર (સિવિલ)
અને ઈ.ચા.સીટી ઈજનેર.
સુરત મહાનગરપાલિકા

નોંધ -જે અરજદારોએ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ માં ઉપરોક્ત દર્શાવેલ માહિતીઓ મુજબ અગાઉ એકવાર ઓનલાઈન ડિમાન્ડ સર્વે ફોર્મ ભરવામાં આવેલ હોય, તો તેઓએ ફરીથી ઓનલાઈન ડિમાન્ડ સર્વે ફોર્મ ભરવાની જરૂરિયાત રહેશે નહિ.


# મહિને 15 હજાર કમાતા અજમેરના ટેલરને 974 કરોડની ITની નોટિસ!

**નોટિસમાં** દર્શાવાયેલી કંપનીનું સરનામું મહિધરપુરા ગુંદીશેરીનું નીકળ્યું, સ્થળ પર જૂનું મકાન છે

**ITની** નોટિસ બાદ ટેલરે પોલીસ ફરિયાદની નકલ સાથે સુરત આવકવેરા વિભાગને ઓનલાઈન જવાબ મોકલ્યો

સુરતઃ સુરતમાં ઓળખના દસ્તાવેજોના દુરુપયોગ અને પાન કાર્ડ છેતરપિંડીનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મહિને માત્ર 15 હજાર રૂપિયા કમાતા અજમેરના એક સામાન્ય દરજીના નામે સુરતમાં કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી બોગસ ડાયમંડ કંપની ઊભી કરી દેવામાં આવી હતી.

અજમેરમાં રહેતા રેખરાજ થાડા નામના દરજીને જ્યારે આવકવેરા વિભાગ તરફથી રૂ. 974 કરોડની ...અનુસંધાન પાના 5 પર

### દરજીએ નિર્દોષ હોવાના પુરાવા સાથે ઓનલાઈન જવાબ આપ્યો

પીડિત રેખરાજ થાડાએ સ્પષ્ટ કર્યું છે કે તેમને સુરત કે આ ડાયમંડ કંપની સાથે કોઈ લેવાદેવા નથી. તેમના પાન કાર્ડ અને ઓળખપત્રનો દુરુપયોગ કરીને તેમને અજાણતા જ કંપનીમાં ડિરેક્ટર બનાવી દેવાયા હતા. આ અંગે તેમણે સ્થાનિક પોલીસ મથકે છેતરપિંડીની ...અનુસંધાન પાના 5 પર

# ભાવનગરનો લઠ્ઠો પીને સુરત આવેલા યુવાનની હાલત ગંભીર!

**સંજયસિંહે** 16મીની રાત્રે ભાવનગરમાં લઠ્ઠો પીધો હતો, પહેલા ખાનગી હોસ્પિ.માં લઈ જવાયો હતો

**વધુ** સારવાર માટે સુરતની મોટી હોસ્પિટલમાં ખસેડાયો, ઇથેનોલ-મિથેનોલ પોઈઝનની અસર હોવાનો રિપોર્ટ

સુરતઃ ભાવનગરનો નકલી દારૂકાંડ સમગ્ર ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે ત્યારે તેની અસર સુરત સુધી પહોંચી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ભાવનગરથી દારૂ પીધા બાદ સુરત આવેલા સંજયસિંહ નામના યુવકની અચાનક તબિયત લથડતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સ્થિતિમાં સુધારો નહીં થતાં બાદમાં તેને વધુ સારવાર માટે દક્ષિણ ગુજરાતની મોટી ન્યુરોલોજી ...અનુસંધાન પાના 5 પર

### હાલ મગજ પર ગંભીર અસર, આગામી 24 કલાક મહત્વના

ખાનગી હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, સંજયસિંહમાં લઠ્ઠાકાંડ જેવી અસર જોવા મળી રહી છે. હાલ તેની મગજની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે અને આગામી 24 કલાક તેના માટે અત્યંત મહત્વના હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું છે. બીજી તરફ, ...અનુસંધાન પાના 5 પર

# સ્કૂલે જતી લાન્સર્સ આર્મીની શિક્ષિકાનું કાર અડફેટે મોત

**ભીમરાડમાં** ઈકોપાર્ક બિલ્ડિંગમાં રહેતાં વિનીતા શાહ નિત્યક્રમ મુજબ મોપેડ પર સ્કૂલે જઈ રહ્યાં હતાં ત્યારે કરુણ ઘટના બની

સુરતઃ પીપલોદની લાન્સર્સ આર્મી સ્કૂલમાં ફરજ બજાવતા 57 વર્ષીય શિક્ષિકાનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત નીપજ્યું હતું. સવારે નિત્યક્રમ મુજબ મોપેડ પર સ્કૂલે જઈ રહેલી શિક્ષિકાને એસ.ડી. જૈન સ્કૂલ ચાર રસ્તા પાસે ઈકો કારચાલકે ટક્કર ...અનુસંધાન પાના 5 પર

# સડેલો, ફુગવાળો ખોરાક સુરતીઓ ખાતા હતા!

**સુરતમાં** છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી હોટલ-રેસ્ટોરન્ટની તપાસમાં અનેક ચોંકાવનારી ક્ષતિઓ બહાર આવી

**પંજાબી** સબ્જીની ગ્રેવી તો અઠવાડિયા જૂની રહેતી હતી, ખોરાક ખુલ્લામાં રખાતો હતો, જીવડાં તેની પર ફરતાં હતાં

સુરતઃ સુરતમાં ફુડ પોઈઝનિંગની બનેલી ઘટના બાદ આરોગ્ય વિભાગે હવે તપાસ શરૂ કરી છે ત્યારે સુરતની રેસ્ટોરન્ટ કેવા પ્રકારનું ફૂડ લોકોને ખવડાવતી હતી તેની ચોંકાવનારી ...અનુસંધાન પાના 5 પર

### હોટલોમાં ક્યા ક્યા પ્રકારની ક્ષતિઓ હતી??

- એક્સપાયરી ડેટનો ખાદ્ય સામાન વપરાતો હતો
- ખોરાક ખુલ્લોરખાતો હતો,માખી-મચ્છરો અને જીવડાઓના સંપર્કમાંજોવા મળ્યો
- હોટેલ રેસ્ટોરેન્ટમાં શાકભાજીથી માંડીને ચીજ-પનીર, ડ્રાયફ્રુડની ગુણવતા નબળી મળી
- રસોડાથી લઇને વોશ એરિયામાં પારવાર ગંદકી, સફાઇના ધારાધોરણો જળવાયા નહોતા
- પંજાબી શાક માટે ગ્રીન, રેડ અને યલો ગ્રેવી અઠવાડીયાસુધી ચાલે તે રીતે ...અનુસંધાન પાના 5 પર

### ચેકિંગમાં ભેળસેળ છતાં કાર્યવાહી કેમ નહીં?: ધારાસભ્ય કુમાર કાનાણીના આરોગ્યમંત્રીને સવાલ

સુરત : શહેરમાં હોટલ-રેસ્ટોરન્ટમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ, અખાદ્ય સામગ્રી અને ગંદકીના મામલે ભાજપના ધારાસભ્ય કિશોર કાનાણીએ રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાને પત્ર લખી આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. ચેકિંગ દરમિયાન ભેળસેળ અને ગંદકી ઝડપાતી હોવા છતાં જવાબદાર સામે કડક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તે અંગે તેમણે સ્પષ્ટતા માગી છે. કાનાણીએ પત્રમાં સુરતના એક પોઈન્ટમાં પાંચ વર્ષના બાળકના મોતનો ઉલ્લેખ કરી ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ...અનુસંધાન પાના 5 પર

### ક્યા ઝોનમાં ક્યા રેસ્ટોરન્ટ બંધ કરાવાયા??

**વરાછા-એઃ** 1. શ્યામ ભોજનાલય, સરિતા વિહાર રોડ, ભાગ્યોદય વોર્ડ
**રાંદેર ઝોનઃ** 1. પાકિઝા હોટેલ, સુભાષ ગાર્ડન પાસે, જહાંગીરપુરા
**કતારગામ ઝોનઃ** 1. બજરંગ ડાઇનિંગ હોલ, નંદુ ડોશીની વાડી, 2. આશાપુરા ભોજનાલય, નંદુ ડોશીની વાડી, 3. ઉમિયા ડાઇનિંગ હોલ, નંદુ ડોશીની વાડી, 4. સીતારામ ડાઇનિંગ હોલ, નંદુ ડોશીની વાડી, 5. મઢુલી ડાઇનિંગ હોલ, બાલાશ્રમ રોડ, 6. ઠાકર રેસ્ટોરન્ટ, બાલાશ્રમ રોડ, 7. જીતુ ચીઝ ફ્રેન્કી, એસએમસી પાર્ટી પ્લોટની બાજુમાં, ડભોલી રોડ 8. પટેલ ઘૂઘરા સેન્ટર, ડભોલી ચાર રસ્તા ...અનુસંધાન પાના 5 પર


દુઃખદ અવસાન-બેસણું



સ્વ. કાંતિભાઈ લીંબાભાઈ પટેલ
જન્મ તા. ૦૨/૦૭/૧૯૫૩
સ્વ.તા. ૧૯/૦૮/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજનશ્રી કાંતિભાઈ લીંબાભાઈ પટેલનું દુઃખદ અવસાન તા. ૧૯/૦૮/૨૦૨૬ને બુધવારના રોજ થયેલ છે. સદ્ગતનું સંયુક્ત બેસણું તા. ૨૨/૦૮/૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી તેમના નિવાસસ્થાન આભવા મુકામે રાખેલ છે.

લિ. સસુરપક્ષ (ગામ-વેસુ)
અશોકભાઈ સામુભાઈ પટેલ
જેનીશભાઈ અશોકભાઈ પટેલ
અમૃતભાઈ સામુભાઈ પટેલ
હરીશભાઈ સામુભાઈ પટેલ
સ્વ. ઈલેશભાઈ અમૃતભાઈ પટેલ
નિમેષભાઈ હરીશભાઈ પટેલ
ચેતનભાઈ અમૃતભાઈ પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
વેદ, હેત્વી, આરવી, જેદાર્થ, પ્રિયાંશ
અ.સૌ ભગવતીબેન અશોકભાઈ પટેલ
અંકીતાબેન જેનીશભાઈ પટેલ
સ્વ. નીરૂબેન અમૃતભાઈ પટેલ
અ.સૌ. ઉષાબેન હરીશભાઈ પટેલ
નિકુંજ હરીશભાઈ પટેલ
સૈફાલીબેન નિમેષભાઈ પટેલ
અ.સૌ. દિપીકાબેન ચેતનભાઈ પટેલ
ઉર્વિબેન રતિલાલ પટેલ



॥ છઠ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ ॥



સ્વ.છોટુભાઈ હાંસજીભાઈ લાકડાવાલા
સ્વ.તા.૨૧-૦૮-૨૦૨૦ કુંભારીયાગામ - સુરત

સંસ્મરણો ભીંજવે હૈયુ ને મહેંકી ઉઠો આપ અમ અંતરમાં,
આપના નશ્વર દેહરૂપી પ્રકૃતિના બંધનોને ફગાવી દઈને અનંતમાં ભળી ગયા,
પરંતુ અનંતમાંથી પણ આપના સ્નેહ અને વાત્સલ્યસભર આત્મબળને અવિરત
પ્રવાહ અખૂટ પ્રેરણાનું અમૃત પાઈને આપના સાનિધ્યની અનુભૂતિ કરાવે છે.
દિવંગત આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. સ્વ.મધુબેન છોટુભાઈ લાકડાવાલા (પત્નિ)
ભરતભાઈ છોટુભાઈ લાકડાવાલા (પુત્ર) હિનાબેન ભરતભાઈ લાકડાવાલા (પુત્રવધુ)
અશ્વિનભાઈ છોટુભાઈ લાકડાવાલા (પુત્ર) મીતાબેન અશ્વિનભાઈ લાકડાવાલા (પુત્રવધુ)
મનસ્વી, વૃષાંગ, માન્યા
અનિલભાઈ એન. રાઠોડ (જમાઈ-મુંબઈ) રેખાબેન અનિલભાઈ રાઠોડ (પુત્રી-મુંબઈ)
શુભમ, હિરેન
તથા લાકડાવાલા પરિવારના જય રામદેવજી



ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. બાપુભાઇ તુકારામ શિંદે
જન્મ તારીખ - ૧૦.૦૨.૧૯૪૪
સ્વર્ગવાસ તારીખ - ૨૦.૦૮.૨૦૨૨

તમારૂં જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા. અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહીં. ભગવાન તમારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુ ચરણે પ્રાર્થના

લિ.
ગં.સ્વ.ઈન્દુબેન બાપુભાઈ શિંદે
મનોજ બાપુ શિંદે (પુત્ર) પૂર્વી મનોજ શિંદે (પુત્રવધુ)
મુકેશ બાપુ શિંદે (પુત્ર) સીમા મુકેશ શિંદે (પુત્રવધુ)
વિજય બાપુ શિંદે (પુત્ર) સુષ્મા વિજય શિંદે (પુત્રવધુ)
લતા શાંતારામ પાટીલ (પુત્રી) શાંતારામ નામદેવ પાટીલ (જમાઈ)



પ્રથમ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ




સ્વ. દયાગૌરી જગદીશચંદ્ર વખારીયા
સ્વ. તા. 02-08-2025
શ્રાવણ સુદ નોમ

ઝાકળ જેવું જીવન જીવી પલમાં લીધી તેં વિદાય... તારી યાદમાં સૌની આંખોમાંથી વરસી રહ્યાં છે, અનરાધાર નીર, વિદાયના વજઘાત હજીયે હૃદયને ઝંઝોળે છે, પ્રભુના દરબારમાં તારી જરૂર હશે. એમ મનને મનાવી તારી સ્મૃતિને સમેટી અમે સૌ અંતઃકરણ પુર્વક શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે

લી.
સ્વ. જગદીશચંદ્ર શાંતિલાલ વખારીયા
પ્રદીપકુમાર જગદીશચંદ્ર વખારીયા પદમીની પ્રદીપકુમાર વખારીયા
દિલીપકુમાર જગદીશચંદ્ર વખારીયા વીણા દિલિપકુમાર વખારીયા
પ્રણવ પ્રદિપકુમાર વખારીયા જીજ્ઞા પ્રણવ વખારીયા
શૈલી પ્રણવ વખારીયા કીયા પ્રણવ વખારીયા
પ્રભા વસંતલાલ ભગત સુધા નરેશચંદ્ર મશરૂવાલા
ગીતા ભરતકુમાર ડોલી



॥ અંતિમ યાત્રા ॥



આથી દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
ચંદ્રકાંત નગીનદાસ ભાવસાર
(રીટાર્યડ-ટી.ડી.ઓ., SMC, ભાવસારસાહેબ)નું દુઃખદ અવસાન ગુરૂવાર, તા. ૨૦-૮-૨૦૨૬ ના રોજ થયેલ છે. તેમની સ્મશાન યાત્રા શનિવાર, તા. ૨૨-૮-૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નિકળી જહાંગીરપુરા, કુરૂક્ષેત્ર, સુરત મુકામે જશે.

સદ્ગતનું બેસણું શનિવાર, તા. ૨૨-૮-૨૦૨૬ના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ કલાકે લાયન્સ કલબ હોલ, લાલજી નગર પાસે, અડાજણ રોડ, સુરત રાખવામાં આવેલ છે.

॥ લિ. ॥
ગં.સ્વ. વસુમતિબેન ચંદ્રકાંત ભાવસાર (ધર્મપત્ની)
રાકેશકુમાર (પુત્ર) - અલ્પાબેન (પુત્રવધુ)
દક્ષેશકુમાર (પુત્ર) - ભામિનીબેન (પુત્રવધુ)
જાગૃતિ (પુત્રી) - બીરેનકુમાર (જમાઈ)
કેશા (પૌત્રી) -વિશ્વકુમાર (જમાઈ)
દિશા (પૌત્રી) -પ્રતિકકુમાર (જમાઈ)
વિધિ (પૌત્રી) - કરણ (પૌત્ર) - જહાન (દોહિત્ર)
॥ નિવાસ સ્થાન ॥
૪૪, સ્નેહ સ્મૃતિ સોસાયટી, અડાજણ પાટીયા, સુરત. મો.: ૯૮૨૫૨ ૫૪૨૫૩